# એકમ–15 ખર્ચ પૃથક્કરણ (Cost Analysis)

: માળખું :

15.0 ઉદ્દેશ્યો
15.1 પ્રસ્તાવના
15.2 ખર્ચ પૃથક્કરણનો અર્થ
15.3 ખર્ચ પૃથક્કરણ અભિગમો
15.3.1 ખર્ચ અસરકારકતા પૃથક્કરણ
15.3.2 ખર્ચ લાભ પૃથક્કરણ
15.3.3 ખર્ચ ઉપયોગીતા પૃથક્કરણ ઉપયોજન
15.3.4 ખર્ચ સંભવિતતા પૃથક્કરણ
15.4 ખર્ચ પૃથક્કરણની પદ્ધતિઓ
15.5 પુસ્તકાલય અને માહિતી કેન્દ્રોમાં ખર્ચનું પૃથક્કરણ કરવું.
15.6 સારાંશ
15.7 તમારા જ્ઞાનને ચકાસોના ઉત્તરો
15.8 ચાવીરૂપ શબ્દો
15.9 સંદર્ભ અને વિશેષ વાંચન

## 15.0 ઉદ્દેશ્યો : (OBJECTIVES)

- **આ એકમના વાચન બાદ, તમે આ બાબતોમાં સક્ષમ બનશો.**
- ખર્ચ પૃથક્કરણની સંકલ્પના સમજવી.
- ખર્ચ પૃથક્કરણ પરત્વે વિવિધ અભિગમોનું વર્ણન કરવું.
- ખર્ચ પૃથક્કરણની પદ્ધતિઓ સમજાવવી અને
- પુસ્તકાલય અને માહિતી કેન્દ્રોમાં ખર્ચ પૃથક્કરણની પદ્ધતિઓને વિનિયોજિત કરવી.

## 15.1 પ્રસ્તાવના (INTRODUCTION)

પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રો ધીમે ધીમે ખર્ચ અંગે સભાન બની રહ્યાં છે. પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રોમાં અંદાજપત્રીય દબાણો અને નાણાકીય ભીડના આજના પર્યાવરણમાં, વિવિધ સેવાઓ ચલાવવા અને તેના ઉપલબ્ધ વિકલ્પોમાં સમાવિષ્ટ ખર્ચનો વિગતવાર હેવાલ લેવો યથાર્થ બન્યો છે. આ બાબતમાં, ખર્ચ પૃથક્કરણ અભિગમો ખૂબ લોકપ્રિય બની રહ્યા છે. તેઓ માત્ર સમાવિષ્ટ ખર્ચના પૃથક્કરણમાં મદદ કરતા નથી પણ આવી પદ્ધતિઓની અસરકારકતા, લાભ, ઉપયોજન અને સંભવિતતામાં પણ મદદ કરે છે. અગાઉના એકમમાં (એકમ 14) તમને ગ્રંથાલય અને માહિતી કેન્દ્રો માટે વિવિધ ખર્ચ પ્રયુક્તિઓનો પરિચય કરાવવામાં આવ્યો હતો. આ એકમમાં આપણે ગ્રંથાલય અને માહિતી કેન્દ્રોમાં ખર્ચ પૃથક્કરણ અને તેમની વિનિયોજિતતા પરત્વેના વિવિધ અભિગમોની ચર્ચા કરીશું.

## 15.2 ખર્ચ પૃથક્કરણનો અર્થ : (MEANING OF COST ANALYSIS)

ખર્ચ પૃથક્કરણ એ પડતર ખર્ચ અભ્યાસનું પાયાગત સાધન છે. તે અભ્યાસનું પ્રાથમિક સ્વરૂપ છે જે ખર્ચ અભ્યાસના અન્ય વર્ણનાત્મક અને પૃથક્કરણાત્મક પદ્ધતિઓને પાર પાડવામાં મદદ કરે છે. ઉપરાંત, ખર્ચ પૃથક્કરણોમાંથી બહાર આવતા ડેટા હિસાબી પધ્ધતિમાં, અંદાજપત્ર રચના અને કામગીરી માપન ક્રિયાવિધિઓ માટે ઉપયોગમાં લઈ શકાય છે. અંદાજપત્રની સઘન અને પ્રતીતિજનક રજૂઆતની સામાન્ય રીતે ખર્ચ પૃથક્કરણના વિવિધ વિકલ્પોને આધારીત હોય છે.

ખર્ચ પૃથક્કરણ એ પાયાગત રીતે અમુક લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે કરતા વપરાતા નાણાકીય અથવા સમયનું માપન હોય છે. ખર્ચ પૃથક્કરણએ પધ્ધતિમાં નિવેશ સ્રોત, પાર પડાયેલ કાર્યના સ્વરૂપને સમજવું અને કાર્ય પાર પાડવા માટે જરૂરી શ્રમના સમય માપનનો સમાવેશ કરે છે. ખર્ચ પૃથક્કરણમાં પૃથક્કરણકાર આપેલ અંતિમ ધ્યેયને સુસંગત સ્વીકાર્ય હોય અને જે વર્ણન અથવા નિર્ણય પ્રક્રિયા હેતુ માટે જરૂરી હોય તેવી માહિતીવાળા ક્ષેત્રો અલગ પાડે છે. ખર્ચ પૃથક્કરણ અસંખ્ય વિસ્તૃત સંકલ્પનીય અને ક્રિયાત્મક સિદ્ધાંતોનો સમાવેશ કરે છે. તે પદ્ધતિનું ખર્ચ પરિણામ (લાભ, અસરકારકતા, ઉપયોજન વગેરેના સંદર્ભમાં) તેમજ વિકલ્પો બંનેને ધ્યાનમાં લે છે. આ પદ્ધતિ પુસ્તકાલય અને માહિતી કેન્દ્રમાં અત્યંત વિનિયોજિત છે. પુસ્તકાલય અને માહિતી કેન્દ્રોમાં આ પદ્ધતિનો ઉપયોગ સ્રોતોના વધારે કાર્યક્ષમ ઉપયોગ ખાસ ઉદ્દેશયો સિદ્ધ કરવામાં ખર્ચ ઘટાડો તરફ દોરી જઈ શકે છે. અને તે કોઈ ખાસ અંદાજપત્ર અથવા અન્ય સ્રોત નિગ્રહ માટે શું સિદ્ધ કરી શકાય તે વિષે ખ્યાલ પણ આપી શકે છે. પુસ્તકાલય અને માહિતી કેન્દ્રોમાં નીતિ વિષયક નિર્ણયો આ નિર્ણયોના ખર્ચ અને પરિણામોના આધારે વધવા જોઈએ.

ખર્ચ પૃથક્કરણ શરૂ કરતાં પહેલાં, પૃથક્કરણાત્મક માળખું સ્થાપિત કરવું જરૂરી છે. માળખું સમસ્યાના સ્વરૂપની ઓળખ, પૃથક્કરણ માટે સ્વીકાર્ય વિકલ્પોની સ્પષ્ટતા, પૃથક્કરણ માટે પ્રાથમિક અને દ્વિતીયક શ્રોતાગણોની ઓળખ અને પૃથક્કરણની યોગ્ય પદ્ધતિની પસંદગીનો સમાવેશ કરે છે. સૌથી વધારે વિગતવાર કક્ષાએ, કરાયેલ નાણાકીય ખર્ચ કાર્યથી કાર્ય અથવા પ્રક્રિયાથી પ્રક્રિયા આધારે ઓળખાય છે. પદ્ધતિનો મોટા ભાગના ભાગોને વિગતવાર ચકાસી/ તપાસી શકાય છે એ અર્થમાં ખૂબ જ લવચીક સાધન છે. અસરકારક ખર્ચ પૃથક્કરણ માટે ખર્ચાઈ રહેલ પ્રત્યેક એકમની વ્યાખ્યા કરવી જરૂરી હોય છે. આ એકમોને ખર્ચ કેન્દ્ર અથવા ખર્ચ એકમ તરીકે નિર્દેશ કરાય છે.

ખર્ચ પૃથક્કરણમાં સમાવિષ્ટ પગથિયાં આ પ્રમાણે છે

- **પ્રક્રિયાની પરિમાણકતા અને ઓળખ આપવી.**

પૃથક્કરણ કરવામાં આવનાર પ્રક્રિયાને એ રીતે નામ અપાવું જોઈએ કે જે સમગ્ર પરિભ્રમણ - આપ લે વિભાગ પ્રક્રિયા હિસાબ પ્રક્રિયા દા.ત. પ્રાપ્તિ પ્રક્રિયા,વગેરે દરમિયાન તે ખાસ પ્રક્રિયાની અલગતાની પરવાનગી આપશે.

- **પ્રક્રિયાનું વધારે નાના ઘટક પગથિયાંમાં વિભાજન કરવું.**

પૃથક્કરણ કરવામાં આવનાર પ્રક્રિયાની ઓળખ બાદ, તેને વધારે નાનાં એકમો અથવા ઘટકોમાં પૃથક્કરણ સરળ કરવા માટે વિભાજિત કરાય છે. દાખલા તરીકે પ્રાપ્તિ પ્રક્રિયાને પસંદગી ઓર્ડર આપવો, ખરીદી, નિવેશ વગેરેમાં વિભાજિત કરી શકાય છે.

- **પ્રત્યેક પગથિયાં માટે સ્રોત જરૂરિયાતો નક્કી કરવી.**

પ્રત્યેક ઘટક પગથિયાં માટે જરૂરી સ્રોતોની ઓળખ પૃથક્કરણ હેતુ માટે જરૂરી છે. ચાર સ્રોતો કે જેઓ સામાન્ય રીતે - માનવ શક્તિ, પુરવઠો નિરીક્ષણ અને પર્યાવરણ સાથે સંલગ્ન છે. એ ઉપરાંત, જરૂરી ઉપયોગી સ્રોત સામાન્ય રીતે સાધન છે. પ્રત્યેક સ્રોત વિશિષ્ટ લાક્ષણિકતાઓ ધરાવે છે. જેમની પ્રક્રિયાના ખર્ચ ઉપર અસરો જોવા સંપૂર્ણ રીતે અભ્યાસ કરવાની જરૂર રહે છે.

- **પ્રક્રિયા માટે સમય અને કદની ઓળખ અને તેને ખર્ચ સાથે સાંકળવો.**

પૃથક્કરણ હેઠળની પ્રક્રિયાને જરૂરી સમય કરવાના કાર્યનું કદ તેના તેના ખર્ચ પરત્વે સંબંધિત કરવાના સંદર્ભમાં પરિમાણિત કરાવું જરૂરી છે.

- **ખર્ચ પૃથક્કરણ અને વિકલ્પો :**

ખર્ચ પૃથક્કરણ પ્રક્રિયામાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓની ચકાસણી જ નહીં પણ કરેલા કાર્યની વૈકલ્પિક પદ્ધતિઓનો પણ સમાવેશ કરે છે. આ રીતે વ્યક્તિ કોઈ ખાસ પ્રક્રિયામાંથી ઉતરી આવેલ લાભની સાચી રીતે મૂલવણી કરી શકે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો :**

(1) ખર્ચ પૃથક્કરણની વ્યાખ્યા આપો અને ખર્ચ પૃથક્કરણની પ્રક્રિયાની રૂપરેખા આપો.

નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

(2) આ એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 15.3 ખર્ચ પૃથક્કરણ અભિગમો : (COST ANALYSIS APPROACHES)

ખર્ચ પૃથક્કરણની પ્રક્રિયામાં ઉપયોગમાં લેવામાં અસંખ્ય વિવિધ પરંતુ સંબંધિત શબ્દો કે સંકલ્પનાઓ છે. જેઓ વાસ્તવિક રીતે પૃથક્કરણના વિવિધ અભિગમો છે. ખર્ચ પૃથક્કરણના અગત્યના અભિગમો આ પ્રમાણે છે :

(i) ખર્ચ અસરકારકતા

(ii) ખર્ચ લાભ

(iii) ખર્ચ ઉપયોગિતા અને

(iv) ખર્ચ સંભવિતતા.

જો કે આ અભિગમો એકબીજા સાથે સંબંધિત છે. તેમ છતાં તેઓ તેમની અદ્વિતીય લાક્ષણિકતાઓ દ્વારા ઓળખાય છે અને વિશિષ્ટ વિનિયોજન માટે જરૂરી છે.

### 15.3.1 ખર્ચ અસરકારકતા પૃથક્કરણ (COST EFFECTIVENESS ANALYSIS)

ખર્ચ અસરકારકતા પૃથક્કરણ અમુક લક્ષ્યો અથવા પરિણામ સિદ્ધ કરવા તેમના ખર્ચ અને અસરોના સંબંધમાં વિકલ્પોના અભ્યાસનો નિર્દેશ કરે છે. આથી કેન્દ્ર અમુક ઉદ્દેશ્યો અથવા લક્ષ્યોની સિદ્ધિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ખર્ચ અસરકારકતા ઉકેલ એ છે કે શક્ય તેટલા ઓછા ખર્ચ સાથે મહત્તમ નિર્ગમન પૂરું પાડવું.

ખર્ચ અસરકારકતા સામાન્ય રીતે ખર્ચ કાર્યક્ષમતા અભ્યાસ સાથે દ્વિધા ઉત્પન્ન કરે છે. આ બે વચ્ચે પાયાગત તફાવત છે કે ખર્ચ અસરકારકતા એ નિર્ગમન અભિસ્થાપિત હોય છે. જ્યારે ખર્ચ કાર્યક્ષમતા નિવેશ અભિસ્થાપિત હોય છે. ખર્ચ અસરકારકતા અભ્યાસમાં, ખર્ચની આપેલ કક્ષાએ નિર્ગમનને મહત્તમ બનાવવાનું લક્ષ્ય હોય છે કે જે આવશ્યક રીતે લઘુત્તમ ખર્ચ ઉકેલ ન હોય. બીજી બાજુએ ખર્ચ કાર્યક્ષમતાનો ધ્યેય નિર્ગમનનો આપેલી કક્ષાએ ખર્ચને લઘુત્તમ કરવાનું હોય છે. જે કદાચ નિર્ગમન અથવા કામગીરીના સંદર્ભમાં સૌથી અસરકારક ઉકેલ ન હોય.

ખર્ચ અસરકારકતા અભિગમને વિવિધ ફાયદાઓ હોય છે. તેમાં સૌથી અગત્યની હકીકત છે કે તેને ખર્ચ અને અસરકારકતા માહિતી કેન્દ્રો જેવી પદ્ધતિઓમાં સરળતાથી ઉપલબ્ધ હોય છે. ઉપરાંત, તે અભ્યાસને વધારે વિસ્તૃત/ સર્વગ્રાહી બનાવા માટે ખાસ લક્ષ્ય માટે વૈકલ્પિક ઉકેલો ધ્યાનમાં લે છે. આમ છતાં મુખ્ય ગેરફાયદો છે કે તે વિકલ્પોને વિવિધ લક્ષ્યો અથવા ઉદ્દેશ્યા સાથે સરખાવી શકતો નથી. ઉપરાંત વ્યક્તિ સમાવિષ્ટ ખર્ચાઓમાંથી ઉતરી આવેલા લાભોના સંબંધમાં કાર્યક્રમની ઉપયોગીતા મૂલવી શકતી નથી.

### 15.3.2 ખર્ચ લાભ પૃથક્કરણ : (COST BENEFIT ANALYSIS)

ખર્ચ લાભ પૃથક્કરણ કલ્યાણ અર્થશાસ્ત્રીઓ દ્વારા ઉપયોગમાં લેવાતું અગત્યનું ઉપકરણ છે. તે નાણાકીય શબ્દોમાં મપાયેલ ખર્ચ અને લાભના સંદર્ભમાં વિકલ્પોના મૂલ્યાંકનનો નિર્દેશ કરે છે. આ રીતે, તે સામાજિક ખર્ચ અને ખાસ યોજનાના લાભનું મૂલ્યાંકન કરવા પ્રયત્ન કરે છે અને યોજના સાથે આગળ

વધવું કે નહીં તે નક્કી કરવામાં મદદ કરે છે. ખર્ચ લાભ પૃથક્કરણ ખર્ચનું મૂલ્ય અને પ્રત્યેક વિકલ્પના લાભનું માપન કરવા પ્રયત્ન કરે છે. વિકલ્પ કે જે સૌથી વધારે મહત્તમ ખર્ચ લાભ પૂરો પાડે છે તે આવશ્યક રીતે સૌથી વધારે ખર્ચ અસરકારક ઉકેલ ન હોય. આર્થિક લાભને બદલે સામાજિક લાભ ઉપર ભાર વધારે હોય છે. ખર્ચ લાભ પૃથક્કરણ લાંબા ગાળાની નિર્ણય પ્રક્રિયા માટે આવશ્યક સાધન છે કારણ કે તે સામાન અને સેવાઓના ઉત્પાદનની તાત્કાલિક અસરને મર્યાદિત હોતું નથી.

ખર્ચ લાભ પૃથક્કરણના લાભો છે કે તે નીચેની બાબતોમાં મદદ કરે છે.

(i) ખાતરી કરવી કે કોઈ ખાસ વિકલ્પને તેના ખર્ચાઓથી વધતા લાભો છે કે કેમ.

(ii) વિવિધ ઉદ્દેશ્યો સાથે વિકલ્પોના જૂથને ઓળખનું કે જેને સૌથી નીચું ખર્ચ લાભ પ્રમાણ છે; અને

(iii) વિવિધ કાર્યક્રમ ક્ષેત્રો જેવા કે શિક્ષણ, સ્વાસ્થ્ય સુરક્ષા વગેરે વચ્ચે વિકલ્પોના જૂથની નિશ્ચિતતા જેને સમગ્ર સમાજના કલ્યાણ માટે રોકાણના એકંદર પૃથક્કરણ માટે ઓછામાં ઓછું ખર્ચ લાભ પ્રમાણ હોય છે.

આ પદ્ધતિનો એકમાત્ર ગેરફાયદો છે કે આર્થિક બાબતોમાં ખર્ચ અને લાભનું માપન કરવું મુશ્કેલ હોય છે. વ્યક્તિ માહિતી એકત્ર કરવા માટે ખૂબ મુશ્કેલીનો સામનો કરે છે અને પરિણામ હંમેશા ચોકસાઈપૂર્ણ ન હોય.

ખર્ચ લાભ પૃથક્કરણ પુસ્તકલાય અને માહિતી કેન્દ્રો જેવી જાહેર કલ્યાણ સેવાઓમાં સ્ત્રોત ફાળવણી ને લગતી નિર્ણય પ્રક્રિયા માટે સૌથી યોગ્ય સાધન છે. જ્યાં નિર્ગમન પ્રત્યક્ષ કે મેળવેલ (સ્થૂળ) ન હોય જ્યારે ખર્ચ લાભ પૃથક્કરણ એ લાંબા ગાળાનો અભિગમ છે. ત્યારે ખર્ચ અસરકારક પૃથક્કરણ એ મધ્યમ અથવા ટૂંકાગાળાનો અભિગમ છે. ખર્ચ લાભ અભિગમ વિવિધ વિકલ્પો વચ્ચે પસંદગી કરવા માટે ઉપયોગમાં લેવાય અને બીજી બાજુએ ખર્ચ અસરકારક અભિગમ ઉત્પાદન અને સામાન અને સેવાઓની પૂર્તિના સૌથી વધારે અસરકારક સાધનને નિશ્ચિત કરવા ઉપયોગમાં લઈ શકાય છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

(2) ખર્ચ અસરકારક પૃથક્કરણ અને ખર્ચ લાભ પૃથક્કરણ વચ્ચે તફાવત દર્શાવો.

નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

(ii) આ એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

### 15.3.3 ખર્ચ ઉપયોગિતા પૃથક્કરણ : (COST UTILITY ANALYSIS)

ખર્ચ ઉપયોગિતા પૃથક્કરણ વિકલ્પોના સંબંધમાં ખર્ચ અને તેમાંથી ઉત્પન્ન થતી અંદાજિત ઉપયોગિતાના અભ્યાસનો નિર્દેશ કરે છે. જ્યારે ખર્ચ અસરકારક અને ખર્ચ લાભ પૃથક્કરણને નિર્ણય પ્રક્રિયા માટે સંખ્યાત્મક માહિતીના ઉપયોગની જરૂર પડે છે. ત્યારે ખર્ચ ઉપયોગિતા અભિગમ હેતુ માટે ગુણાત્મક અને સંખ્યાત્મક માહિતીના વિસ્તૃત ક્ષેત્રનો ઉપયોગ કરે છે. ખર્ચ ઉપયોગિતા એ એક યોગ્ય સાધન છે. જેમાં આત્મલક્ષી મૂલ્યાંકન કરાય છે. દા.ત. ખાસ ગ્રંથાલય સેવાના શક્ય પરિણામનું મૂલ્યાંકન.

આ અભિગમને સૂક્ષ્મ લાભ છે કે તે સંખ્યાત્મક માહિતી ઉપર કડકડાઈપૂર્ણ રીતે આધારિત નથી. અપૂર્ણ માહિતી સાથેનાં પરિણામો ઉત્પન્ન કરવાં શક્ય છે અને અચોક્કસતાની સમસ્યાને પાર પાડવાનું પણ શક્ય છે. આમ છતાં, આ અભિગમનો ગેરફાયદો છે કે મોટા ભાગનું મૂલ્યાંકન આત્મલક્ષી પૃથક્કરણ પર આધારિત હોય છે. કોઈપણ માનદંડ ક્રિયાપદ્ધતિ પર નહીં, તે કારણથી ચોકસાઈપૂર્ણ પરિણામો ઉત્પન્ન કરવા મુશ્કેલ છે. ઉપરાંત, વિવિધ મૂલ્યાંકનકારો પાસે માહિતીના સમાન જૂથ માટે

વિવિધ પરિણામો હશે. ઉપરાંત પ્રત્યેક વ્યક્તિની સંયોજિત/ સંયુક્ત ઉપયોગિતા ઉપર આધારિત સામાજિક ઉપયોગિતા ઉત્પન્ન કરવાની માનદંડ/ ધોરણીય પદ્ધતિઓ નથી.

## 15.3.4 ખર્ચ સંભવિતતા પૃથક્કરણ (COST FEASIBILITY ANALYSIS)

ખર્ચ સંભવિતતા પદ્ધતિ વિકલ્પોની ખર્ચનો અંદાજ કાઢવાનો અભિગમ છે. એ હેતુથી કે તેઓની ગણના કરવી કે કેમ તેની ખાતરી કરવા માટે.

જો કોઈપણ વિકલ્પનો ખર્ચ, અંદાજપત્ર કે અન્ય સ્રોતોથી વધે છે તો પછી તે વિકલ્પ વિશેષ પૃથક્કરણ માટે વિચારાતો નથી. જ્યારે ખર્ચ લાભ, ખર્ચ અસરકારકતા અને ખર્ચ ઉપયોગિતા જેવા અભિગમો ખર્ચ અને વિકલ્પોના પરિણામ બંનેનો વિચાર કરે છે ત્યારે ખર્ચ સંભવિતતા અભિગમ પૃથક્કરણ હેતુ માટે માત્ર ખર્ચ પરિબળનો વિચાર કરે છે. આ રીતે ખર્ચ સંભવિતતા અભ્યાસ એ ખર્ચ પૃથક્કરણનું મર્યાદિત સ્વરૂપ છે. જે વિકલ્પનો ખર્ચ ઉપલબ્ધી સ્રોતોની મર્યાદામાં છે કે નહીં તેની ખાતરી માત્ર કરે છે અને કયા વિકલ્પો પસંદ કરાવવાના છે તે નિશ્ચિત કરતું નથી.

## 15.4 ખર્ચ પૃથક્કરણની પદ્ધતિઓ : (METHODS OF COST ANALYSIS)

ખર્ચ પૃથક્કરણમાં આપેલી પ્રક્રિયાના માર્ગની આસપાસ પ્રક્રિયા દરમ્યાન માપનો અને અવલોકનોની શ્રૃંખલા પાર પડાય છે. ખર્ચ પૃથક્કરણ માપનના વિવિધ તબક્કાઓ આ પ્રમાણે છે

- **નિવેશનો પડતર ખર્ચ :** આ તબક્કે, વિવિધ નિવેશના જથ્થા દા.ત. શ્રમ, સામગ્રી વગેરે પ્રક્રિયા પાર પાડવા જરૂરી હોય તેમને ઓળખી કઢાય છે અને તેમના ખર્ચને સ્થાપિત કરાય છે. શ્રમનો ખર્ચ એ મુશ્કેલ કામ છે અને તે સામાન્ય રીતે યોગ્ય શ્રમ ખર્ચના દરે ખર્ચયેલ શ્રમ સમયના આધારે કરાય છે. નિવેશ ખર્ચને નિશ્ચિત ખર્ચ સાથે બરાબર કરી શકાય છે. અને તે પ્રક્રિયાના ઓછામાં ઓછા ખર્ચની ગણતરી માટે આધાર પૂરો પાડે છે.

- **અમુક સમયગાળામાં થયેલ કામનું પડતર ખર્ચ :** અમુક સમયગાળાનું પડતર કે જેમાં ઉત્પાદનનું વાસ્તવિક કાર્ય હાથ ધરાય છે. આ તબક્કે ખર્ચ સૂચકાંકો નિવેશ ખર્ચ માહિતીના આધારે તૈયાર કરાય છે. અને તેઓ પ્રક્રિયાની કામગીરીનું પરીક્ષણ અને વિનિમય કરવામાં વપરાય છે. સમયગાળાનું પડતર આખરી પ્રક્રિયા હાથ ધરવામાં સમાવિષ્ટ વાસ્તવિક ખર્ચ નિશ્ચિત કરે છે અને આથી તે ઉત્પાદનના ચલિત ખર્ચ સમાવિષ્ટ હોય છે.

- **નિર્ગમનનો પડતર ખર્ચ :** નિર્ગમન ખર્ચ એ ખર્ચ પૃથક્કરણનો આખરી તબક્કો છે. આ નિવેશ અને સામગ્રી રકમ ખર્ચનો સરવાળાના આધાર ઉપર ગણતરી કરાય છે. નિર્ગમન ખર્ચ ખાસ પ્રક્રિયા માટે ઉપયોગમાં લેવાતા સ્રોતની ઉત્પાદકતા અને ઉત્પાદન હદ સાથે પણ સંબંધ ધરાવે છે. તે વળી પ્રક્રિયાની કામગીરી અને કિંમત નિર્ધારણ માપવામાં મદદ કરે છે.

ખર્ચ પૃથક્કરણની પાયાની ગણતરીની બે પદ્ધતિઓ છે.

(i) કાર્ય માપન અને

(ii) અંદાજ અથવા મિશ્ર ઘટક પધ્ધતિ

કાર્ય માપન અભ્યાસ હેઠળનાં ખાસ કાર્યો હાથ ધરવા ઉપયોગમાં લેવાતા શ્રમ સમયના ચોક્કસ જથ્થાઓ માપવા પ્રયત્ન કરે છે. તે પ્રાથમિક રીતે કાર્ય અને સમય અભ્યાસ પર આધારિત છે અને માહિતી સંગ્રહની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. દા.ત. કાર્ય રોજનીશીઓ, પ્રવૃત્તિ અથવા કાર્ય નમૂનો વગેરે. અંદાજ અથવા મિશ્ર ઘટક પદ્ધતિ બીજી બાજુએ એ કાર્ય માપન અભ્યાસનો પેટા-વર્ગ છે અને જ્યારે જ્યારે કાર્ય માપન શક્ય ન હોય ત્યારે ઉપયોગમાં લેવાય છે. આ પધ્ધતિમાં પરિણામો ઉત્પન્ન કરવા જરૂરી સ્રોત નિવેશના જથ્થાઓ પહેલાં કાં તો અવલોકન દ્વારા અથવા કર્મચારીઓ સાથે ચર્ચા દ્વારા ઓળખાય છે. આ ઘટકોના નાણાકીય ખર્ચ પછી વિવિધ શીર્ષક હેઠળ સંપૂર્ણ પદ્ધતિ માટે કરાયેલ કુલ વાર્ષિક ખર્ચના આધારે અંદાજાય છે. અંદાજ પદ્ધતિ ખર્ચ પૃથક્કરણ માટે વધારે ચોકસાઈપૂર્ણ પરિણામો આપે છે. અને તે પુસ્તકાલય અને માહિતી કેન્દ્રોમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાય છે. આમ છતાં લાંબા ગાળે, અંદાજ પદ્ધતિ માત્ર કાર્યમાપન પદ્ધતિ નહીં પણ અન્ય ખર્ચ પદ્ધતિઓ જેવી કે અંદાજપત્ર રચવા, હિસાબ, કામગીરી મૂલ્યાંકન વગેરે દ્વારા પૂરક બનાવવાની જરૂર છે. જેથી સંતોષજનક પરિણામો મેળવાય.

પ્રત્યેક અને તમામ એકમનો પડતર ખર્ચ સમગ્ર રીતે પદ્ધતિના ખર્ચ પૃથક્કરણ સાથે આગળ વધવા માટે કરાય છે. કોઈપણ પદ્ધતિ માટે જરૂરી ઘટકોને વિસ્તૃત રીતે ચાર પ્રકારોમાં વર્ગીકૃત કરાય છે. કર્મચારીઓ, સુવિધાઓ, સાધનો, સામગ્રીઓ અને અન્ય નિવેશો આ પાંચ પાયાગત શીર્ષકોને પડતર ખર્ચ પ્રક્રિયા સરળ બનાવવા ફરીથી નાના એકમોમાં વિભાજિત કરાય છે. આમ છતાં, ખર્ચ પૃથક્કરણની માનદંડ પદ્ધતિઓ પુસ્તકાલય અને માહિતી સેવાઓના ખર્ચને સંપૂર્ણ રીતે વિનિયોજિત કરી શકાતી નથી. તેમના બિન નફાકારક અને સેવા-અભિસ્થાપિત લાક્ષણિકતાઓના કારણે હવે પછીનો વિભાગ આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે કરી શકાય એનો સંકેત પૂરો પાડે છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

(3) ખર્ચ પૃથક્કરણ માપનના વિવિધ તબક્કાઓનું વર્ણન કરો.

નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

(ii) આ એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

## 15.5 પુસ્તકાલય અને માહિતી કેન્દ્રોમાં ખર્ચ પૃથક્કરણ (ANALYSING COST IN LIBRARY AND INFORMATION CENTRES)

પુસ્તકાલય અને માહિતી કેન્દ્રો નફો કરતી અને બિન-નફો કરતી સંસ્થાઓ એમ બંને માટે અસ્તિત્વ ધરાવે છે. નફો કરતી સંસ્થાઓ સામાન્ય રીતે તેમના દ્વારા પૂરી પડાતી સેવાઓ માટે શૂલ્ક વસૂલ કરે છે. માહિતીની સતત વધતી માંગના કારણે, બિનનફો કરતી સંસ્થાઓ પણ તેમનો ઉત્પાદનનોનું મૂલ્ય લેવા માટે મજબૂર બને છે. જેથી કેટલાંક અંશે કરાયેલા ખર્ચ વસુલ કરવા તેમના માટે શક્ય બને. પુસ્તકાલય સેવા અથવા પ્રવૃત્તિનો ખર્ચ ગ્રંથાલય અને માહિતી સેવાઓ માટે મૂલ્યની નિશ્ચિતતા માટે આવશ્યક તત્ત્વો પૈકી એક છે. ઉત્પાદનો અને સેવાઓના મૂલ્ય નિર્ધારિણ ઉપરાંત, વિવિધ પુસ્તકાય અને માહિતી સેવાઓના ખર્ચ પૃથક્કરણ ને નીચે પ્રમાણેના ફાયદાઓ છે.

(i) તે પ્રત્યેક સેવા અથવા કાર્ય માટે ખર્ચના અંદાજમાં મદદ કરે છે.

(ii) ખર્ચ માહિતીઓ કાર્યની કાર્યક્ષમતાના માપન અને તેમાંથી ઉત્પન્ન થતા લાભો માટે ઉપયોગમાં લઈ શકાય છે.

(iii) તે પુસ્તકાલયના સ્રોતના ઇષ્ટતમ ઉપયોગ માટેની ખાતરી આપે છે.

(iv) તે કર્મચારીઓની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે.

(v) પુસ્તકાલય પ્રબંધકો ભાવિ કાર્યો નિશ્ચિત કરવા નિર્ણય પ્રક્રિયા માટે તેમનો ઉપયોગ કરી શકે છે.

(vi) તે જરૂરી નિવેશ સાથે પગ મિલાવીને અને તેમાંથી ઉત્પન્ન થયેલ નિર્ગમન દ્વારા પુસ્તકાલય કાર્યો ઉપર નિયંત્રણ રાખવામાં મદદ કરે છે.

પુસ્તકાલય અને માહિતી પદ્ધતિઓ માટે ખર્ચ પૃથક્કરણ બે પ્રકારોમાં વર્ગીકૃત કરી શકાય છે. સ્થૂળ ખર્ચ અને સૂક્ષ્મ ખર્ચ, સ્થૂળ ખર્ચમાં પદ્ધતિનો વર્તમાન ખર્ચ ભાવિ પ્રવાહનો અંદાજ કરવાના હેતુથી નિશ્ચિત કરાય છે. સૂક્ષ્મ ખર્ચમાં પદ્ધતિને એકમોમાં વિભાજિત કરાય છે અને પ્રત્યેક એકમનો ખર્ચ નિશ્ચિત કરાય છે. એકમ ખર્ચ પદ્ધતિ સેવાના વિશિષ્ટ એકમના ખર્ચના પૃથક્કરણને સરળ બનાવે છે.

કોઈપણ પુસ્તકાલય પદ્ધતિ માટે નિવેશનો નીચે મુજબ સારાંશ કરી શકાય છે.

| | | |
|---|---|---|
| (i) | કર્મચારીઓ | અધિક્ષક |
| | | વ્યાવસાયિકો |
| | | અર્ધ-વ્યાવસાયિકો |
| | | બિન વ્યાવસાયિકો |
| | | દફતરી કર્મચારીઓ |
| (ii) | સુવિધાઓ | કાર્ય સ્થલનું રાચરચીલું |
| (iii) | સામગ્રીઓ અને પુરવઠા | લેખન સામગ્રી |
| | | પુસ્તકો |
| | | સામયિકો |
| | | અમુદ્રિત, માધ્યમ સ્રોત |
| | | સૂચિ કાર્ડ, ફ્લોપી, સીડીઓ વગેરે |
| (iv) | સાધન | કમ્પ્યુટર્સ |
| | | પ્રિન્ટર્સ |
| | | સ્કેનર્સ |
| | | સર્વર વગેરે |
| (v) | અન્ય નિવેશ | ઉર્જા દા.ત. વીજળી, વાતાનુકૂલન, ઉષ્મા આપવી વગેરે |
| | | કાર્યસ્થળની સફાઈ અને જાળવણી |
| | | કર્મચારીઓની તાલીમ |

પુસ્તકાલયનો કુલ ખર્ચ બે પ્રકારમાં વિભાજિત કરી શકાય છે : પ્રત્યક્ષ અને પરોક્ષ

$$\text{કુલ ખર્ચ} = \text{પ્રત્યક્ષ ખર્ચ} + \text{પરોક્ષ ખર્ચ}$$

પ્રત્યક્ષ ખર્ચ કર્મચારીઓ, સાધન સામગ્રી વગેરેનો સમાવેશ કરે છે. બીજી બાજુએ પરોક્ષ ખર્ચ એ છે કે જેઓ કાર્યને પ્રત્યક્ષ રીતે સંબંધિત હોતા નથી પરંતુ કાર્યો પાર પાડવા માટે તેમની જરૂર હોય છે. દા.ત. લેખન સામગ્રી, કાર્યસ્થળ વગેરેની સફાઈ અને જાળવણી. પુસ્તકાલય અને માહિતી કેન્દ્રના ખર્ચ પૃથક્કરણ પ્રક્રિયા નીચેની રીતે પાર પાડી શકાય છે.

પગથિયું : 1 માપન કરવા માટે ઉત્પાદન અથવા સેવાનો એકમ નક્કી કરવો. દા.ત. ગ્રંથ પરિભ્રમણ સેવા સંદર્ભ સેવા વગેરે.

પગથિયું : 2 પુસ્તકાલય કાર્યના પ્રત્યેક માટે ખર્ચ કેન્દ્રા નક્કી કરવા, ખર્ચ કેન્દ્રો વળી પાછાં વિભાજિત કરી શકાય છે. પ્રત્યક્ષ કાર્યક્રમ કેન્દ્રો જેવાં કે સંદર્ભ સેવા,પરિભ્રમણ સેવા વગેરે અથવા પ્રાપ્તિ, વહીવટ વગેરે જેવાં આધાર સેવા કેન્દ્રો.

પગથિયું : 3 પ્રત્યેક ખર્ચ કેન્દ્ર અને તેની પ્રવૃત્તિઓ માટે ખર્ચની માહિતી એકત્રીત કરવી.

પગથિયું : 4 કાર્યક્રમ ખર્ચ કેન્દ્રોને સેવા ખર્ચાઓની યોગ્ય ફાળવણી કરવી.

પગથિયું : 5 માપનના તેના યોગ્ય એકમો વડે ખર્ચ કેન્દ્રના કુલ ખર્ચને વિભાજિત કરીને એકમ ખર્ચ નક્કી કરવો.

દાખલા તરીકે

$$\text{ગ્રંથ આપ લે વિભાગનો ખર્ચ} = \frac{\text{ગ્રંથ આપ લે વિભાગનો કુલ ખર્ચ}}{\text{ગ્રંથ આપ લે ની કુલ સંખ્યા}}$$

વીરગો (Virgo) કુલ ખર્ચ અભિગમ માટે ખર્ચ પૃથક્કરણ નીચે મુજબના પગથિયાં સૂચવે છે.

(1) ખર્ચ કેન્દ્રોને ઓળખવા અને તેમને વધુમાં પેટા-ખર્ચ કેન્દ્રોમાં વિભાજિત કરી ખાત્રી કરો કે ગ્રંથાલયના કરતાં પ્રત્યેક શક્ય કાર્ય સરભર કરાય છે.

(2) પ્રત્યેક કર્મચારી દ્વારા બનાવાયેલ પ્રવૃત્તિઓ અથવા કાર્યોની યાદી રચો અને તેમની ફરજો બજાવવા તેમના દ્વારા લેવાયેલ કુલ સમયની યાદી રચો.

(3) પ્રત્યેક કર્મચારીના નિર્ગમનોનું વર્ણન કરતાં એકમ માપોને પસંદ કરો.

(4) દૈનિક ધોરણે કાર્ય બનાવવા ખર્ચાયેલ સમય અને નિર્ગમનોના કુલ એકમોની નોંધ કરો.

(5) દરેક મહિને સમય ડેટા અને નિર્ગમન ડેટાનો સારાંશ કરો.

(6) વર્ષના અંતે પ્રત્યેક કર્મચારી માટે કુલ સમય ડેટાનો સારાંશ કરો અને તેને કર્મચારી દ્વારા મેળવાયેલ પગાર અને અન્ય લાભો સાથે ગુણો.

(7) વર્ષના અંતે કાર્ય, પ્રવૃત્તિ અને ખર્ચ કેન્દ્ર દ્વારા તમામ કર્મચારીઓ માટે ડેટા સંચિત કરો.

(8) પ્રત્યેક કાર્ય, પ્રવૃત્તિ અને ખર્ચ કેન્દ્રને બિન-કર્મચારી ખર્ચ ફાળવો.

(9) કાર્યક્રમ ખર્ચ કેન્દ્રોને સંચાલન ખર્ચ અને સહાયક સેવા ખર્ચ એ બંને પરોક્ષ ખર્ચ ફાળવો.

(10) માપનના પ્રત્યેક એકમ માટે યોગ્ય સરેરાશ ખર્ચ નિશ્ચિત કરો. દા.ત. પુસ્તકો, સૂચિપત્રો, બનાવાયેલ સંદર્ભ શોધ વગેરે.

બીજી બાજુએ ખર્ચ શોધ અભિગમ અંદાજપત્ર વિગતો, નાણાકીય ડેટાનો વ્યવહારોના ઊંડાણપૂર્વક પૃથક્કરણ અને કર્મચારીઓની મુલાકાતનો ઉપયોગ કરે છે.

વીરગો (virgo) ના મુજબ આ અભિગમનાં પગથિયાં નીચે પ્રમાણે છે.

(1) ખર્ચ કેન્દ્રોની ઓળખ

(2) ખર્ચ કેન્દ્રો સાથે સંબંધી પ્રવૃત્તિઓ અને કાર્યો નક્કી કરો.

(3) ખર્ચ કેન્દ્ર પ્રવૃત્તિ અથવા કાર્યને યોગ્ય એકમ ખર્ચ સાથે માપની પસંદગી

(4) નીચેનાં પગથિયાં મારફતે એકમ ખર્ચના ડેટા એકત્રીત કરવા

- ગ્રંથાલય કર્મચારીઓ દ્વારા વ્યતિત થયેલ સમયના સંદર્ભમાં કલાકદીઠ ખર્ચ નક્કી કરવા
- કાર્ય બજાવવા માટે કર્મચારીઓ દ્વારા વ્યતિત વાસ્તવિક સમય
- વિવિધ કાર્યો બજાવવા જરૂરી પ્રત્યક્ષ પુરવઠા, સામગ્રી
- પ્રવાસ સુવિધા વગેરે જેવા અન્ય પ્રત્યક્ષ ખર્ચ
- કુલ પ્રત્યક્ષ પ્રવૃત્તિનો ખર્ચ નક્કી કરો.
- ઉપયોગિતા વગેરે જેવા પ્રત્યક્ષ પ્રવૃત્તિ ખર્ચને તેમની ફાળવણી જેવા પરોક્ષ સંચાલન કરતા ખર્ચ નક્કી કરો.
- પરોક્ષ સેવા ખર્ચ જેવા કે સમારકામ, વહીવટ વગેરે પ્રત્યક્ષ પ્રવૃત્તિ ખર્ચની ફાળવણી નક્કી કરો.
- કુલ પ્રવૃત્તિ ખર્ચ અને એકમ માહિતીની ગણતરી નક્કી કરો.

(5) ડેટાનું પૃથક્કરણ :

પુસ્તક સંચાલનના ખર્ચમાં સૌથી વધારે મુશ્કેલ કામ એ શ્રમનો ખર્ચ છે. કાર્ય અને સમય અભ્યાસ મારફતે એકમ ખર્ચની ગણતરી ખર્ચ પૃથક્કરણને સુવિધા પુરી પાડે છે. આ રીતે, કાર્ય અને સમય અભ્યાસ પદ્ધતિઓને પુસ્તકાલય અને માહિતી પદ્ધતિ માટે ખર્ચ, પૃથક્કરણ માટે ઉપયોગમાં લેવાવી જોઈએ જે વળી અસરકારકતાના માપન પદ્ધતિના લાભ અને ઉપયોગિતાને શક્તિમાન બનાવે છે. ઉપસંહાર કરતાં એ નોંધીએ કે "ખર્ચ પૃથક્કરણ ડેટાઓ આપે છે. પણ તે સેવાની ગુણવત્તા, કર્મચારીઓ અથવા સંગ્રહનું મૂલ્યાંકન કરતું નથી. તે ખર્ચ માહિતી વ્યક્ત કરે છે પણ તે ખર્ચ ખૂબ વધારે છે કે ખૂબ ઓછું છે એમ કહેતું નથી. જ્યારે કોઈ અસરકારક વિચારવંત પ્રબંધક દ્વારા ઉપયોગમાં લેવાય ત્યારે ખર્ચ પૃથક્કરણ ઉપયોગી સાધન હોઈ શકે." (વિરગો - Virgo)

- **તમારી પ્રગતિ ચકાસો :**

(4) પુસ્તકાલય પદ્ધતિનાં પાયાગત મિશ્ર ઘટકોની યાદી બનાવવો

નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

(ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 15.6 સારાંશ : (SUMMARY)

ખર્ચ પૃથક્કરણ એ ખર્ચ અભ્યાસનું પાયાનું સાધન છે. તે અભ્યાસની પ્રાથમિક રીત છે કે છે ખર્ચ અભ્યાસોની અન્ય વર્ણનાત્મક અને પૃથક્કરણાત્મક પદ્ધતિઓ ને પાર પાડવામાં મદદ કરે છે. ખર્ચ પૃથક્કરણ એ પાયાગત રીતે અંતિમ લક્ષ્યો સિદ્ધ કરવા કરાતા વપરાતા નાણાં અથવા સમયનું માપન છે. તે પદ્ધતિ પરત્વે નિવેશ શોધ, પાર પડાયેલ કાર્યના સ્વરૂપની સમજ, અર્થ કાર્ય પૂરું કરવા જરૂરી શ્રમ સમયના માપનનો સમાવેશ કરે છે. ખર્ચ પૃથક્કરણમાં સમાવિષ્ટ અગત્યના પગથિયાં નીચે મુજબ છે.

- પ્રક્રિયાની પરિમાણકતા અને ઓળખ આપવી.
- પ્રક્રિયાનું વધારે નાના ઘટક પગથિયાંમાં વિભાજન કરવું.
- પ્રત્યેક પગથિયાં માટે સ્રોત જરૂરિયાતો નક્કી કરવી.
- પ્રક્રિયા માટે સમય અને કદની ઓળખ અને તેને સાથે સાંકળવો.
- ખર્ચ પૃથક્કરણ અને વિકલ્પો

ખર્ચ પૃથક્કરણના અગત્યના અભિગમો આ પ્રમાણે છે.

(i) ખર્ચ અસરકારકતા

(ii) ખર્ચ લાભ

(iii) ખર્ચ ઉપયોગિતા; અને

(iv) ખર્ચ સંભવિતતા

જો કે, આ અભિગમો એકબીજા સાથે સંબંધિત છે. અને તેમની અદ્વિતીય લાક્ષણિક્તાઓ દ્વારા ઓળખાય છે અને તેઓના વિશિષ્ટ વિનિયોજનો માટે જરૂર હોય છે.

ખર્ચ પૃથક્કરણમાં માપનો અને અવલોક્નોની શ્રૃંખલા આપેલ પ્રક્રિયાના સમય આસપાસ પાર પડાય છે. ખર્ચ પૃથક્કરણ માપનનાં વિવિધ તબક્કાઓ નીચે પ્રમાણે છે.

- નિવેશનો પડતર ખર્ચ
- અમુક સમયગાળા માટે થયેલ કામનું પડતર ખર્ચ
- નિર્ગમનનો પડતર ખર્ચ

ખર્ચ પૃથક્કરણની મૂળભૂત રીતે બે પદ્ધતિઓ છે.

(i) કાર્યમાપન અને

(ii) અંદાજ અથવા મિશ્ર ઘટક પધ્ધતિ

પુસ્તકાલય અને માહિતી પધ્ધતિઓ માટેનું ખર્ચ પૃથક્કરણ બે પ્રકારોમાં વર્ગીકૃત કરી શકાય છે. સ્થૂળ ખર્ચ અને સૂક્ષ્મ ખર્ચ. સ્થૂળ ખર્ચમાં પધ્ધતિનો વર્તમાન ખર્ચ ભાવિ પ્રવાહનો અંદાજ કરવાના હેતુથી નિશ્ચિત કરાય છે. સૂક્ષ્મ ખર્ચમાં પધ્ધતિને એકમોમાં વિભાજીત કરાય છે અને પ્રત્યેક એકમનો ખર્ચ નિશ્ચિત કરાય છે. એકમ ખર્ચ પધ્ધતિ સેવાના વિશિષ્ટ એકમના ખર્ચના પૃથક્કરણને સરળ બનાવે છે.

ખર્ચ પૃથક્કરણ માટે બે અભિગમ ઉપલબ્ધ છે તે આ પ્રમાણે છે.

(i) પૂર્ણ પદ્ધતિ ખર્ચ અભિગમ અને

(ii) ખર્ચ શોધ અભિગમ

પુસ્તકાલય સંચાલનમાં ખર્ચ નિર્ધારણમાં સૌથી મુશ્કેલ કાર્ય એ શ્રમનો ખર્ચ છે. એકમ ખર્ચ નિર્ધારણ ખર્ચ પૃથ્થકરણને સરળ બનાવે છે અને પદ્ધતિની અસરકારકતા, લાભ અને ઉપયોગિતાના માપનમાં મદદ કરે છે.

## 15.7 તમારા જ્ઞાનને ચકાસોના ઉત્તરો : (ANSWERS TO SELF CHECK EXERCISES)

(1) ખર્ચ પૃથક્કરણ એ ખર્ચ અભ્યાસનું મૂળભૂત સાધન છે. તે અભ્યાસની પ્રાથમિક ઢબ (રીત) છે કે જે ખર્ચ અભ્યાસોની અન્ય વર્ણનાત્મક અને પૃથક્કરણાત્મક પદ્ધતિઓને પાર પાડવામાં મદદ કરે છે. ઉપરાંત ખર્ચ પૃથક્કરણોમાંથી બહાર આવતા ડેટા હિસાબી પધ્ધતિમાં અંદાજપત્ર રચના અને કામગીરી માપન ક્રિયાવિધિઓ માટે ઉપયોગમાં લઈ શકાય છે. તે અમુક લક્ષ્ય સિદ્ધ વપરાતા નાણાકીય અથવા સમયના માપનને સંતુલિત બનાવે છે. ખર્ચ પૃથ્થકરણ પદ્ધતિ પરત્વે સ્રોતના માપન, પાર પડાયેલા કાર્યના સ્વરૂપની સમજ, અને કાર્ય પાર પાડવા જરૂરી શ્રમ સમયનો સમાવેશ કરે છે. ખર્ચ પૃથક્કરણમાં, પૃથક્કરણકાર કાર્યના એ ક્ષેત્રોને અલગ કરે છે. જેઓ આપેલા લક્ષ્ય માટે સંબંધ ગણાય છે અને જેમના ઉત્તર વર્ણનાત્મક અથવા નિર્ણય પ્રક્રિયા હેતુઓ માટે માહિતીની જરૂર હોય છે.

ખર્ચ પૃથક્કરણ શરૂ કરતાં પહેલાં પૃથક્કરણાત્મક માળખું સ્થાપવું આવશ્યક છે. માળખું સમસ્યાના સ્વરૂપની ઓળખ, પૃથક્કરણ માટે વિચારવાના વિકલ્પોની સ્પષ્ટતા, પૃથક્કરણ માટે પ્રાથમિક અને દ્વિતીયક શ્રોતાઓની ઓળખ, પૃથક્કરણની યોગ્ય પદ્ધતિની પસંદગીનો સમાવેશ કરે છે. સૌથી વધારે વિગતવાર કક્ષાએ કરાયેલાં નાણાકીય ખર્ચાઓ કાર્યવાર અથવા સંચાલન વાર આધાર પર ઓળખાય છે. તે ખૂબ જ લવચીક સાધન છે. એ અર્થમાં કે લગભગ પદ્ધતિના મોટાભાગના ભાગોને વિગતવાર તપાસી શકાય છે. અસરકારક ખર્ચ પૃથક્કરણ માટે પ્રત્યેક એકમને કે જેનું ખર્ચ નિર્ધારણ થઈ રહ્યું છે તેની વ્યાખ્યા કરવી આવશ્યક હોય છે. આ એકમો ખર્ચ કેન્દ્ર અથવા ખર્ચ એકમ તરીકે નિર્દેશાય છે.

ખર્ચ પૃથક્કરમાં સમાવિષ્ટ પગથિયાં નીચે મુજબ છે.

- પ્રક્રિયાની પરિમાણક્તા અને ઓળખ આપવી
- પ્રક્રિયાનું વધારે નાનાં ઘટક પગથિયાંમાં વિભાજન કરવું
- પ્રત્યેક પગથિયાં સ્રોત જરૂરિયાતોની નિશ્ચિતતા નક્કી કરવી
- પ્રક્રિયા માટે સમય અને કદની ઓળખ અને તેને ખર્ચ સાથે સાંકળવો
- ખર્ચ પૃથક્કરણ અને વૈકલ્પિકો

(2) ખર્ચ અસરકારકતા પૃથક્કરણ અમુક લક્ષ્યો અથવા પરિણામ સિદ્ધ કરવા તેમના ખર્ચ અને અસરોના સંબંધમાં વિકલ્પોના અભ્યાસનો નિર્દેશ કરે છે. આથી કેન્દ્ર અમુક ઉદ્દેશ્યો અથવા લક્ષ્યોની સિદ્ધિ છે. ખર્ચ અસરકારક ઉકેલ એ છે કે જે ઓછામાં ઓછા શક્ય ખર્ચ સાથે મહત્તમ નિર્ગમિન પૂરું પાડે છે.

બીજી બાજુએ ખર્ચ લાભ પૃથક્કરણ નાણાકીય રીતો (શરતો)માં માપેલ તેમના ખર્ચ અને લાભોના સંબંધમાં વિકલ્પોના મૂલ્યાંકનનો નિર્દેશ કરે છે. આ રીતે તે ખાસ યોજનાના સામાજિક ખર્ચાઓ અને લાભનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કરે છે અને યોજના સાથે આગળ વધવું કે નહીં તે નક્કી કરવામાં સહાય કરે છે.

ખર્ચ લાભ પૃથક્કરણ ખર્ચના મૂલ્ય અને પ્રત્યેક વિકલ્પના લાભનું માપન કરવાનો પ્રયત્ન કરે છે. વિકલ્પ કે જે મહત્તમ ખર્ચ લાભ પૂરો પાડે છે તે આવશ્યક રીતે સૌથી વધારે ખર્ચ અસરકારક ઉકેલ ન હોય ભાર આર્થિક લાભ કરતાં સામાજિક લાભ ઉપર વધારે હોય છે. ખર્ચ લાભ પૃથક્કરણ પુસ્તકાલય અને માહિતી કેન્દ્રો જેવી જાહેર કલ્યાણ સેવામાં સ્રોત ફાળવણીની બાબતમાં નિર્ણય પ્રક્રિયામાટે સૌથી વધારે યોગ્ય સાધન છે. જ્યાં ઉત્પન્ન કરાયેલ નિર્ગમિન પ્રત્યક્ષ અને વાસ્તવિક ન હોય જ્યારે ખર્ચ લાભ પૃથક્કરણ એ લાંબા ગાળાનો અભિગમ છે. ત્યારે ખર્ચ અસરકારક પૃથક્કરણ એ મધ્યમ અથવા ટૂંકાગાળાનો અભિગમ છે. ખર્ચ લાભ અભિગમ વિવિધ વિકલ્પો વચ્ચે પસંદગી કરવા માટે ઉપયોગમાં લેવાય અને બીજી બાજુએ ખર્ચ અસરકારક અભિગમ ઉત્પાદનના સૌથી વધારો આ ખર્ચ અસરકારક સાધન અને સામાન અને સેવાઓની મૂર્તિ નિશ્ચિત કરવા ઉપયોગમાં લઈ શકાય છે.

(3) ખર્ચ પૃથક્કરણાં માપન અને અવલોકનોની શ્રૃંખલા આપેલી પ્રક્રિયાના સમય આસપાસ પાર પડાય છે. ખર્ચ પૃથક્કરણ માપનના વિવિધ તબક્કાઓ છે.

◆ **નિવેશનું ખર્ચ :** આ તબક્કે, વિવિધ નિવેશના જથ્થા જેવા કે શ્રમ, સામગ્રી વગેરે પ્રક્રિયા પાર પાડવા માટે જરૂરી હોય તેમને ઓળખાય છે. અને તેમના ખર્ચ સ્થાપિત કરાય છે. શ્રમનું ખર્ચ નિર્ધારણ એ અઘરું કાર્ય છે. અને તે યોગ્ય શ્રમ ખર્ચ દરે ખર્ચાયેલ શ્રમ સમયના આધારે સામાન્ય રીતે કરાય છે. નિવેશ ખર્ચ નિશ્ચિત ખર્ચ સાથે સમાન કરાય છે અને તે પ્રક્રિયાના લઘુત્તમ ખર્ચની ગણતરી માટે આધાર પૂરો પાડે છે.

◆ **અમુક સમય ગાળામાં થયેલ કામનું પડતર ખર્ચ :** સામગ્રી ખર્ચ એ તબક્કો છે જેમાં ઉત્પાદનનું ખરેખરું કાર્ય પાર પડાય છે. આ તબક્કે ખર્ચ સૂચકાંકો નિવેશ ખર્ચ માહિતીઓના આધારે તૈયાર કરાય છે અને તેઓ પ્રક્રિયાની કામગીરીનું મૂલ્યાંકન કરવા અને વિનિમયમન કરવા વપરાય છે. સામગ્રી રકમ ખર્ચ આખરે પ્રક્રિયા પાર પાડવામાં સમાવિષ્ટ વાસ્તવિક ખર્ચને નિશ્ચિત કરે છે અને તેથી ઉત્પાદનના ચલિત ખર્ચ સાથે સમાવિષ્ટ છે.

◆ **નિર્ગમનનું પડતર ખર્ચ :** નિર્ગમન ખર્ચ નિર્ધારણ એ ખર્ચ પૃથક્કરણનો આખરી તબક્કો છે. આ નિવેશ અને અમુક સમયગાળા માટે થેયલ કામના પડતર ખર્ચ જ સરવાળાના આધારે ગણાય છે. નિર્ગમન ખર્ચ ઉત્પાદનના કદ અને ખાસ પ્રક્રિયા માટે ઉપયોગમાં લેવાતા સ્રોતોની ઉત્પાદકતા સાથે પણ સંબંધ ધરાવે છે. તે વળી પ્રક્રિયાની કામગીરી અને મૂલ્યની નિશ્ચિતતા માપવામાં મદદ કરે છે.

(4) કોઈપણ પુસ્તકાલય પદ્ધતિ માટે જરૂરી મૂળભૂત ઘટકો છે.

## 15.8 ચાવીરૂપ શબ્દો (KEY WORDS) :

**ખર્ચ (Cost)** : કંઈક સિદ્ધ કરવા શું છોડી દેવું જોઈએ તેનું તે માપન છે.

**સ્થિર ખર્ચ (Fixed Cost)** : ખર્ચા કે જે ટૂંકાગાળામાં નિર્ગમની કક્ષા સાથે બદલાતો નથી.

**સમય અભ્યાસ (Time Study)** : કામગીરીના વ્યાખ્યાયિત માનદંડે પ્રવૃત્તિ પાર પાડવામાં જરૂરી સમય નક્કી કરવા ઉપયોગમાં લેવાતી પ્રયુક્તિ.

**ચલિત ખર્ચ (Variable Cost)** : ખર્ચાઓ કે જે નિર્ગમનના દર સાથે પ્રત્યક્ષ રીતે બદલાયા છે. દા.ત. શ્રમ સામગ્રીના ખર્ચ વગેરે.

**કાર્ય અભ્યાસ (Work Study)** : તે પદ્ધતિ અભ્યાસ અને કાર્ય માપનમાં સમાવિષ્ટ પ્રયુક્તિઓના જોડાણનું વર્ણન કરવા વપરાતો સામૂહિક શબ્દ છે.

## 15.9 સંદર્ભ અને વિશેષ વાંચન (REFERENCES AND FURTHER READING)

Brigham, Eugene F. and Ehrharft, Michel C. (2001) Financial Mangen Theory and practice 11th ed, Mason, OH. South western college pub.

Brigha Eugene F. and Housto, Joel F. (2003). Fundamentals of Financial Maagement: Concise, 4th ed Masn, OH : Souhti Western College Pub.

Koenig, Michael E. D. (1980). Budgeting Techniques for libraries Information Centres. New york : Special Libraries Association.

Kingma, Bruce R. (2004). The Economics of Information A Guide to Economics and cost. Benifit Analysis for Information professionals. cotorado : Library Unlimited.

Kountz, John (1972). Library cost Analysiss : A Recipe. Library Journal 1, 459, 64

Levin, Hernry M. (1983). Cost. Effectiveness : A Primer London : sage Publication.

Roberts, Stephen A. (1985). Cost Management for Library and Information services London : Butterworths.

Schauer, Bruce P. (1986). The Economics of managing Library service. Chicago : American Library Association.

Stueart, Robert D. and Moran Baobara B. (2004). Library and. Information Centre Management. 6th ed. colorado; Libraries unlimited.

Virgo Julie A.C. (1985) costing and Pricing Infromation Sercives, Derxel Library Quarterly. 21, 3, 75-88.